■ ફીલિંગ્સ ટીમ




# ઓર્થોપેડિક તેમજ ની રીપ્લેસમેન્ટમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવતી
# વેલકેર હોસ્પિટલ




ઈન્ડિયન આર્થ્રોપ્લાસ્ટી એસોસિએશનના પ્રમુખ તરીકે ડૉ. ભરત મોદીની વરણી થઈ તે વખતે મદુરાઈમાં યોજાયેલા કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરી રહેલ ડૉ. ભરત મોદી.

**અત્યાધુનિક સારવાર, એડવાન્સ ટેક્નોલોજિ તેમજ મલ્ટિપલ સુવિધા ધરાવતી વેલકેર હોસ્પિટલ અને ઓર્થોપેડિક તેમજ ની રીપ્લેસમેન્ટ ક્ષેત્રે ડૉ. ભરત મોદી જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ડોકટરનો સાથ હોય તો દર્દને પણ ઘૂંટણીયે પડે જ છૂટકો થાય. અહીં આવનાર દર્દી હસતાં-રમતાં સાજા થઈ જાય એ જ તેમની મોટી સિદ્ધિ છે.**

મેડિકલ વિજ્ઞાનની દ્રષ્ટિએ એક હોસ્પિટલની વ્યાખ્યા આપીએ તો દર્દીને પીડાદાયક પરિસ્થિતિમાંથી મુક્ત કરવા શક્ય એટલી આધુનિક પદ્ધતિનો વિકાસ કરી ફક્ત શારીરિક જ નહિ પણ માનસિક રીતે પણ તંદુરસ્ત કરતું સ્થળ. ભારતમાં ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક રાજધાની વડોદરા (બરોડા)ની વેલકેર હોસ્પિટલ મેડીકલ વિજ્ઞાનની વ્યાખ્યાને અનુસરતી એક પ્રભાવશાળી બહુવિધ સુવિધા ધરાવતી હોસ્પિટલ છે. ૧૯૯૯માં તેની શરૂઆત એક નાની સંસ્થા તરીકે થઈ હતી. ત્યારબાદ વેલકેર હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. ભરત એસ. મોદીએ દર્દીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને હોસ્પિટલને તદ્દન નવા સ્વરૂપમાં એક આધુનિક સુવિધા અને અદ્યતન ટેક્નોલોજી ધરાવતા હોસ્પિટલ તરીકેનો પ્રોજેક્ટ રજૂ કર્યો. જે હેલ્થકેર ક્ષેત્રના વિકાસ માટે ખૂબજ લાભદાયી સાબિત થયો. હોસ્પિટલમાં આપવામાં આવતી અત્યાધુનિક સારવાર, એડવાન્સ ટેકનોલોજિનો ઉપયોગ દર્દીના સમયનો બચાવ કરી અસરકારક નિદાન માટે ખૂબ જ જરૂરી બને છે.

ગુજરાત રાજ્યમાં ૨૦૦૯માં જ્યારે વાયબ્રન્ટ ગુજરાત સમીટની શરૂઆત થઈ ત્યારે રાજ્યના આરોગ્ય મંત્રાલય અને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સમીટમાં ડૉ. ભરત મોદીને આમંત્રિત કરવામાં આવ્યા અને આવા અત્યાધુનિક ટેકનોલોજી યુક્ત હોસ્પિટલના નિર્માણને કારણે વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત રાજ્યના મેડીકલ ક્ષેત્રના વિકાસ ને વેગ મળ્યો.

વડોદરાની વેલકેર હોસ્પિટલના ડાયેરક્ટર અને ચીફ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન ડૉ. ભરત મોદીની વાત કરીએ તો તેમને ઓર્થોપેડીક તેમજ રીપ્લેસમેન્ટ ક્ષેત્રમાં ગુજરાત તેમજ દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચલિત કર્યું છે. તેઓએ ઈંગ્લેન્ડથી સુપર સ્પેશીયાલીટી ડીગ્રી M.ch. પ્રાપ્ત કરવા ઉપરાંત પ્રતિષ્ઠિત હાવર્ડ યુનિવર્સિટીની ફેલોશીપ પ્રાપ્ત કરેલ છે. હાલમાં ૨૦૧૪-૧૫ વર્ષ માટે ડૉ. ભરત મોદીની ઈન્ડીયન આર્થ્રોપ્લાસ્ટી એસોસિએશન (IAA) ના પ્રેસિડેન્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે જે ગુજરાત માટે ખૂબ જ ગર્વની વાત છે.

હોસ્પિટલના નવી બિલ્ડીંગનું નિર્માણ આંતરરાષ્ટ્રીય સ્તરની વિવિધ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે. વડોદરાના અટલાદરા વિસ્તારમાં ૪ એકરની વિશાળ જગ્યામાં સ્થાપિત વેલકેર હોસ્પિટલમાં દર્દીઓને એક સારું વાતાવરણ મળી રહે તે માટે દરેક પાસાઓને ખૂબ જ અભ્યાસ કરી વિકસાવવામાં આવ્યા છે.

**આધુનિક ઈન્ફેકશન કંટ્રોલ ટેકનોલોજિયુક્ત ઓપરેશન થિયેટર**

– શું તમે એ જાણો છો કે કોઈપણ સફળ ઓપરેશન કે ઈલાજ પાછળનું જવાબાદાર પરિબળ શું છે ? સામાન્ય રીતે આપણો જવાબ એક અનુભવી ડોક્ટર હોઈ શકે. પરંતુ એ સાથે જ મહત્વનું પરિબળ ઈન્ફેક્શનનું નહિવત પ્રમાણ



સ્માર્ટ લાઈટસ



આધુનિક ઈન્ફેક્શન કંટ્રોલ ટેકનોલોજિયુક્ત ઓપરેશન થિયેટર

પણ છે. ડોક્ટર કે સર્જન ગમે એટલા અનુભવી હોય પણ જો ઓપરેશન કે ઈલાજ દરમિયાન દર્દી જો ઈન્ફેક્શન કે બેક્ટેરિયાના સંપર્કમાં આવે તો તેનો ઈલાજ નિષ્ફળ જાય છે. પરિણામે તેને જીવનભર ખૂબ જ આકરી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ઈન્ફેક્શન એ એવી સમસ્યા છે કે જેને નિયંત્રણ કરવું ખૂબ જ અઘરૂં હોય છે. આ સમસ્યાનો ખૂબ જ ઝીણવટપૂર્વક અભ્યાસ કરી વેલકેર હોસ્પિટલમાં ખાસ ઈટલીથી આયાત કરેલા ચાર ખૂબ જ આધુનિક અને ભારતમાં પ્રથમ એવા આ ઓપરેશન થિએટરો ઈન્ફેક્શનને નિયંત્રણ કરવા માટે ખૂબ જ મહતવનો ભાગ ભજવે છે. તેમાં દીવાલોની રચના એ રીતે કરવામાં આવી છે કે કોઈ પણ જીવાત કે બેક્ટેરિયા તેના સંપર્કમાં આવતાની સાથે જ નષ્ટ થઈ જાય છે. ઈન્ફેક્શન ફેલાવા માટે બીજું મહત્વનું કારણ દરવાજા પણ ગણી શકાય છે. કારણકે દરવાજાને એક કરતા વધુ વ્યક્તિઓ સ્પર્શ કરતા હોય છે જેથી તેના પર જીવાતનું પ્રમાણ વધી જાય છે અને જ્યારે સર્જન એના સંપર્કમાં આવે તો તેના દ્વારા એ જીવાત દર્દીમાં પહોંચવાના સંજોગો વધી જાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હોસ્પિટલમાં ઓપરેશન થિએટરના દરેક દરવાજામાં જર્મનની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એટલે કે આ દરવાજાને અડક્યા વગર ઓટોમેટીક સેન્સરની મદદથી તે ખુલી જાય છે. જેથી તેના પર જીવાત કે બેક્ટેરીયા લાગવાની શક્યતા નહીંવત થઈ જાય છે. તદુપરાંત ઈન્ફેકશનના ફેલાવા માટે આસપાસની આબોહવા પણ જવાબદાર છે. જીવાણુંની રચના ખૂબ જ સૂક્ષ્મ હોવાને કારણે તે હવામાં સરળતાથી ફેલાઈ શકે છે પરિણામે એક દર્દીનું ઈન્ફેકશન બીજા દર્દીઓ તથા તેમના સગાસંબંધીઓને લાગવાની શક્યતાઓ વધી જાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આખા હોસ્પિટલમાં એવી hvac એર કંડીશનર સીસ્ટમનો ઉપયોગ કરવામા આવ્યો છે કે જેની સુક્ષ્મ રચનાને કારણે ૦.૩ micron સુધીના બેક્ટેરિયાથી પણ રક્ષણ મળે છે.

**સ્માર્ટ લાઈટસ :**

જ્યારે કોઈ સોની ઘડામણ કામ કરતો હોય ત્યારે ચોક્કસાઈ અને ઝીણવટતા માટે લાઈટના પ્રકાશની ખૂબ જ અગત્યતા હોય છે, જેને કારણે તે બારીકાઈનું કામ ચોકસાઈ પૂર્વક કરી સરળતાથી ઘડામણ કરી શકે છે. એ જ રીતે જ્યારે કોઈ સર્જન ઓપરેશન કરતા હોય ત્યારે શરીરની સૂક્ષ્મ રચનાને કારણે અંદરના કોષો સ્પષ્ટપણે જોવાય એટલા માટે તેને લાઈટના પ્રકાશની ખૂબ જ અગત્યતા હોય છે. પરંતુ જો ઓપરેશન દરમિયાન આસિસ્ટન્ટ સર્જનનું માથું તે લાઈટ પ્રકાશની વચ્ચે આવે તો ઓપરેશન થતા ભાગ પર તેનો પડછાયો પડે છે, પરિણામે સર્જનને ઓપરેશન ક્રિયા કરવામાં તકલીફ થાય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ઓપરેશન થિએટરમાં સ્માર્ટ લાઈટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની વિશેષતાની વાત કરીએ તો આ સ્માર્ટલાઈટ્સ તેમાં રહેલા સેન્સરની મદદથી તેના બીજા ખૂણાઓને વધુ ઉજાશ આપી દે છે પરિણામે પડછાયો પડતો નથી અને સર્જનને ઓપરેશન દરમિયાન ખલેલ પહોંચતી નથી.

**૧૬ બેડ ધરાવતું સ્માર્ટ આઈસીયુ :-**

૧૧૦ બેડ યુક્ત આ વેલકેર હોસ્પિટલમાં ૧૬ બેડ ધરાવતું અને એડવાન્સ ટેકનોલોજી યુક્ત Icu પણ છે. Icu વિભાગમાં દરેક દર્દીઓની ખાસ સારસંભાળ લેવામાં આવે છે. આ વિભાગમાં દરેક દર્દીની સ્થિતિ ગંભીર હોય છે. અને આવી પરિસ્થિતિમાં જો કોઈ વધુ રોગગ્રસ્ત કે ચેપ ધરાવતો દર્દી દાખલ થાય તો તેનો ચેપ વાતાવરણ દ્વારા બીજા દર્દીને લાગવાની શક્યતાઓ વધી જાય છે. પરિણામે સામાન્ય રોગ ધરાવતા દર્દી અજાણ્યે વધુ રોગોના ભોગ



અમેરિકન ઈલેક્ટ્રીક બેડ



૧૬ બેડ ધરાવતું સ્માર્ટ આઈસીયુ

બને છે. આવી પરિસ્થિતિ ના ઉદ્દભવે એટલા માટે હોસ્પિટલમાં બે Isolated bed છે જ્યાં ચેપી દર્દીને રાખવામાં આવે છે. તેની ચારેય દિવાલો કાચથી બંધ હોય છે. ઉપરાંત આ બેડની રચના એ રીતે કરવામાં આવી છે કે હવાની અવર-જવર માટે તેમાં અલગથી વેન્ટીલેશન રાખવામાં આવ્યા છે, જેથી તે દર્દીમાંથી ઉત્પન્ન થતાં ચેપી બેક્ટેરીયા સીધા હોસ્પિટલની બહાર જાય છે. પરણિામે એક જ વિભાગમાં રહેલા દર્દીનો ચેપ બીજા દર્દીઓને લાગતો જ નથી.

**અમેરિકન ઈલેક્ટ્રીક બેડ :**

જ્યારે દર્દી માંદગીની અવસ્થામાં હોય ત્યારે તેની હલન ચલનની પરિસ્થિતિ નબળી હોય છે. પરિણામે તેને ઉઠવા બેસવામાં ખૂબ જ તકલીફ પડે છે જેથી તેઓને સૂતા સૂતા દવા પીવાના સંજોગ ઉભા થાય છે, પણ જો તે દવા ભૂલથી શ્વાસ નળીમાં જતી રહે તો દર્દીને Aspiration Pnuemonitis થઈ શકે છે. જેને પરિણામે ફેફસામાં એસીડ ભરાઈ જાય છે જે ફેફસા ખલાસ કરી નાંખે છે અને પરિણામે તે જીવલેણ સાબિત થાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હોસ્પિટલમાં ખાસ અમેરિકાથી ઈલેક્ટ્રીક બેડ આયાત કરવામાં આવ્યા છે. આ બેડની રચના એ રીતે કરવામાં આવી છે કે તે ૯૦ ડીગ્રી સુધી સરળતાથી વળી શકે છે. એટલે કે બટન દબાવતાની સાથે જ બેડ ખુરશી બની જાય છે અને દર્દીને દર્દનાક પરિસ્થિતિનો સામનો કરવો પડતો નથી અને Aspiration Pnuemonitis જેવી સમસ્યાથી તે બચી જાય છે ઉપરાંત તે આરામનો અનુભવ પણ કરે છે.

**મેમરી ફૉમ મેટ્રેસ :-**

હોસ્પિટલમાં દર્દીનો પ્રવેશ થાય એટલે તે લાંબો સમય પથારીવશ રહે છે. પરિણામે તેની પીઠ અને કમરનો ભાગ જકડાઈ જાય છે, જેથી તેઓને બેડ sore (ઘા) થઈ જાય છે. આવી પરિસ્થિતિના ઉદ્દભવે એટલા માટે ખાસ સ્વીતઝર્લેન્ડથી મેમરી ફૉમ મેટ્રેસ આયાત કરવામાં આવી છે. આ મેટ્રેસની રચના એ રીતે કરવામાં આવી છે કે તેનાથી શરીરના દરેક ભાગમાં લોહીનું ભ્રમણ સરખું થાય છે અને શરીરનું તાપમાન પણ જળવાઈ રહે છે. પરિણામે સતત સૂતા રહેવા છતાં પણ લોહી જામતું નથી અને દર્દીને ખૂબ જ હળવાશનો અનુભવ થાય છે.

**ICU સીન્ડ્રોમ :-**

વિશ્વના કોઈપણ હોસ્પિટલની વાત કરીએ તો તેમાં ICU વિભાગ ચાર બંધ દીવાલોની વચ્ચે રાખવામાં આવતો હોય છે. આવી પરિસ્થિતિમાં દર્દીની હાલત પ્રાચીન કાળની કાળકોટડીમાં રહેલા કેદીઓ જેવી થઈ જાય છે. એટલે કે દિવસ છે કે રાત તેનું ભાન જ ભૂલી જાય છે. પરિણામે દર્દીની માનસિક સ્થિતિ ખોરવાય છે અને લાચાર બની પોતે પડી ભાંગે છે, જે તેના સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થાય છે. આ સ્થિતિને ICU સીન્ડ્રોમ તરીકે ઓળખવામાં આવે છે. આ પરિસ્થિતિને ખાસ ધ્યાનમાં રાખીને હોસ્પિટલમાં ICU વિભાગને પર્યાવરણની આબોહવા સાથે સાંકળી લેવામાં આવ્યો છે. એટલે કે ICU ની દિવાલ કાચની રાખવામાં આવે છે. જેથી દર્દીને પોતાના પલંગ પર બેઠા બેઠા જ બહારની આબોહવાની મજા માણી કુદરત સાથે સંકળાયેલા રહે છે.

**નર્સ-કેર અને સ્માર્ટ ઈમરજન્સી કોલિંગ સીસ્ટમ :-**

વેલકેર હોસ્પિટલમાં સૌથી આધુનિક નર્સ કેર સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સર્જન દ્વારા ગમે એટલી સફળ સર્જરી કરવામાં આવી હોય પરંતુ તેમાં સૌથી મહત્વની બાબત છે



ઓપરેશન પછી દર્દીની જરૂરિયાત મુજબની કાળજી લેવી. જેમકે ડ્રેસિંગ, બાથરૂમની સાફ-સફાઈ વગેરે જેવી સુવિધા જો દર્દીને સંતોષકારક ન મળી હોય તો તે દર્દીની માનસિક સ્થિતિ ખોરવાય છે. પરિણામે સફળ ઓપરેશન પણ નકામું બની જાય છે. આ સમસ્યાને ખાસ ધ્યાનમાં રાખીને હોસ્પિટલના દરેક રૂમ અને બાથરૂમમાં પણ ઈમરજન્સી કોલિંગ સીસ્ટમ ફીટ કરવામાં આવી છે. આ કોલિંગ સિસ્ટમની વિશેષતા એ છે કે જો દર્દીએ નર્સ સેવા માટે બટન દબાવ્યું હોય પરંતુ કોઈ સંજોગો અનુસાર નર્સ એ કોલને એટેન્ડ ન કરી શકે તો ૩ જ મિનિટમાં મોબાઈલ દ્વારા સંદેશો (SMS) હોસ્પિટલના મેનેજમેન્ટ વિભાગમાં પહોંચી જાય છે અને મેનેજમેન્ટ વિભાગ તુરંત જ નર્સ હેડને જાગૃત કરી જે તે કોલ એટેન્ડ કરવા આદેશ આપે છે. એટલે કે દર્દી ફક્ત નર્સ જ નહિ પરંતુ હોસ્પિટલના ઉચ્ચતમ મેનેજમેન્ટના સભ્યોની દેખરેખમાં રહે છે. ગુજરાતમાં વડોદરામાં જ આવા હોસ્પિટલના નિર્માણ કરવા પાછળના કારણમાં ડૉ. મોદી એ જણાવ્યું હતું કે વડોદરા તમામ રીતે દર્દીઓને અનુકૂળ અને આર્થિક રીતે પોષાય એવું શહેર છે. મુંબઈ અને અમદાવાદ જેવી મેગા સીટી આર્થિક રીતે ઘણા દર્દીઓને પરવડતા નથી.

એક ફાઈવ સ્ટાર હોટલથી પણ ચડિયાતી સગવડ એક હોસ્પિટલમાં મળી રહે તે માટે હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. ભરત મોદીએ ખૂબ જ ઝીણવટપૂર્વક આ હોસ્પિટલની રચના કરી છે. હોસ્પિટલના રૂમની વાત કરીએ તો તેમાં દર્દીથી માંડીને દર્દીના સગા સંબંધીઓ પણ આ રામથી રહી શકે તે માટે અલગથી રૂમ બનાવવામાં આવ્યા છે જેથી વિદેશથી દર્દી સાથે આવેલ સંબંધીને અલગથી હોટલમાં જવું પડતું નથી. ઉપરાંત આધુનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હોસ્પિટલના આખા કેમ્પસમાં ઈન્ટરનેટની વાયરલેસ સુવિધા રાખવામાં આવી છે જેથી દર્દી તેમજ તેમના સગા સબંધી હોસ્પિટલમાં બેઠા બેઠા વિશ્વ સાથે જોડાઈ શકે છે. દરેક રૂમમાં હવા ઉજાસ પૂરતા પ્રમાણમાં મળી રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. તદ્દુપરાંત આસપાસ આનંદમય વાતાવરણ મળી રહે તેવા દ્રશ્યોનું નિર્માણ કરવામાં આવ્યું છે. એટલે દર્દીને પોતે હોસ્પિટલમાં હોવાનો અહેસાસ થતો નથી. આજના યુગમાં સૌથી અગત્યની વાત કરીએ તો તે છે હોસ્પિટલના ખર્ચાઓ. પરંતુ ડૉ. મોદીએ આવા અત્યાધુનિક વેલકેર હોસ્પિટલમાં દરેક વ્યક્તિને સારવાર મળી રહે તે માટે ન્યુનતમ દરો રાખ્યા છે જે દરેક વ્યક્તિને પરવડી શકે છે અને તેઓ સારવાર લઈ ઝડપથી સાજા થઈ શકે છે.

આજ રીતે હોસ્પિટલના દરેક વિભાગ જેમ કે લેબોરેટરી, હોસ્પિટલની આબોહવા, રૂમ ફેસીલીટી, ઈમરજન્સી વિભાગ વગેરે જેવા દરેક વિભાગની રચના ખૂબ જ ઝીણવટપૂર્વક કરવામાં આવી છે. આમ આ હોસ્પિટલ પ્રવાસીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર સાબિત થયું છે. ફી

Contact
**Welcare Hospital**
Near Miles Motors,
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara - 390 012
Ph. : 0265-233 7172, 235 3670
M : 9327435570 / 9327435618
www.welcarehospital.co.in